સાત નયની દૃષ્ટાંતરૂપે પારમાર્થિક ઘટના

કોઇ પણ વસ્તુની યથાર્થ પરીક્ષા કરવામાં નયઘટના કરી શકાય છે. ઈતર અંશનો અપલાપ કે પ્રતિક્ષેપ કર્યાં વિના વસ્તુના કોઈ એક સદંશનું ગ્રહણ કરે, તે અપેક્ષાવિશેષનું નામ 'નય' એમ તેની શાસ્ત્રીય વ્યાખ્યા છે; અથવા વ્યુત્પત્તિથી જોઈએ તો 'ની' ધાતુ દોરી જવું-લઈ જવું, તે પરથી નય એટલે આગળ ને આગળ વસ્તુસ્વરૂપ ભણી દોરી જાય-લઈ જાય તે નય અથવા નય એટલે નીતિ-ન્યાય એમ સામાન્ય પરિભાષા છે. અર્થાત્ પ્રમાણપુરસ્સર સન્ન્યાયસંપન્ન કથન તે નય અને શ્રી જિનપ્રણીત નય પણ સન્ન્યાયસંપન્ન ન્યાયાધીશની જેમ મધ્યસ્થ પરીક્ષા કરનારો હોઈ તેને નય નામ યથાર્થપણે ઘટે છે.

એટલે નયનો પ્રયોગ પરમાર્થ સમજવા માટે અને પામવા માટે જરૂર કરી શકાય. અર્થાત્ આત્મશ્રદ્ધાના અનુમાપનમાં, પરમાર્થપ્રાપ્તિના ઉપક્રમમાં, ભક્તિવિષયમાં કે ચરણસેવા આદિ વિષયમાં તેની યથાર્થ અર્થઘટના કરી શકાય: અને તે પ્રમાણે શ્રી દેવચંદ્રજી આદિ મહાત્માઓએ કરેલ છે, માટે એમ કરવામાં કાંઈ દૂષણ કે વિરોધ જેવું નથી, એટલું જ નહિ પણ આત્માર્થી મુમુક્ષુને પરમાર્થ સમજવા માટે અને પામવા માટે તે પરમ ઉપકારી હોઈ પરમ પ્રશસ્ત અને રસપ્રદ છે.

સાત નયોમાંથી પ્રથમના ત્રણ નયો બાહ્ય નિમિત્ત સાધન છે અને પછીના ચાર નયો અંતર (ઉપાદાન) સાધન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટાંત-જેમ એક સોનીને કંઠી ઘડવાની ઇચ્છા થઇ. જો તે પ્રબળ પરિણામી ન હોય તો સોનાને અભાવે વા સંયોગોના અભાવે કંઠીનું કાર્ય થઇ શકતું નથી, પણ જ્યારે પ્રબળ ઇચ્છા થાય છે, ત્યારે તનતોડ પ્રયત્ન કરીને કાર્ય કરવા ઉત્સુક બને છે. આથી કાર્ય કરવાની દૃઢ ઇચ્છા-સંકલ્પ તે 'નૈગમ નય.' નિગમ શબ્દનો અર્થ સંકલ્પ પણ થાય છે. સંકલ્પ માત્રનો વિષય કરવાવાળો નૈગમ નય કહેવાય છે. કાર્ય કેમ કરવું તેનું સંપૂર્ણ જ્ઞાન નથી (ગમ નથી), છતાં પ્રબળ અને સારી ઇચ્છા જ એને કાર્ય તરફ દોરે છે-પ્રેરે છે- લઈ જાય છે. સારી પ્રબળ ઇચ્છા તે 'નૈગમ નય.' તે ઇચ્છાની પ્રેરણાથી વા પાવરથી સાધનસામગ્રી (એરણ, હથોડી, અગ્નિ વગેરે)નો સંગ્રહ કરતો જાય તે 'સંગ્રહ નય.' પહેલો નય બીજા નય સુધી કાર્યનો સાધક સહાયક થાય તો તે નય. તેમ ન થાય તો પહેલો નય તે નયાભાસ બને છે. એમ ત્રીજાને, ત્રીજો ચોથાને પરંપરાએ સહાયક બને, આગળ લઈ જનાર પ્રેરક બને, ત્યારે ત્યારે પ્રેરક બનનાર પાછળનો નય, નય કહેવાય. પરંતુ જ્યારે જ્યારે વા જ્યારથી પ્રેરક બનતો અટકી જાય, ત્યારે ત્યારે તે તે નય નયાભાસી (નિષ્ફળ પરિણામી) બનતો જાય. સાધનસામગ્રી તૈયાર થઇ જાય ત્યારે 'વ્યવહાર નય' કહેવાય. આ ત્રણ નય વ્યવહારના વા નિમિત્તકારણના નયો કહેવાય છે. વ્યવહારના છ ભેદ છે-શુદ્ધ, અશુદ્ધ, શુભ, અશુભ, ઉપચરિત અને અનુપચરિત. આ છમાંથી જે વ્યવહાર (સાધન-સામગ્રી) પોતાની પ્રબળ પ્રેરણાથી ઉપાદાનને જાગ્રત કરીને સહાયક બને તો જ શુદ્ધ વ્યવહાર કહેવાય; નહિતર અશુદ્ધ વ્યવહારના નામમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવીને વ્યવહારનયાભાસ બને છે. શુદ્ધ વ્યવહાર એટલે ઉપાદાનને સર્વ પ્રકારે સહાયક બને તે.

વ્યવહારની પૂર્ણતા થતાં ઉપાદાનસ્વરૂપ સુવર્ણની હાજરી થઈ તે 'ઋજુસૂત્ર નય.' ઋજુ એટલે સરળ અને સૂત્ર એટલે કાર્ય.

કુશળ કારીગર સુંદર સાધનોથી હજારો વર્ષ પર્યંત પ્રયત્ન કરે પણ સુવર્ણ વિના કંઠી થાય નહિ, તેમજ શુદ્ધ સુવર્ણ હજારો વર્ષ એરણ ઉપર પડી રહે છતાં કુશળ કારીગર વિના કદિ પણ કંઠી થાય જ નહિ: અર્થાત્ નિમિત્ત કારણ અને ઉપાદાનકારણ–એ બન્નેનું સમન્વયપણું વા સહકારીપણું થાય ત્યારે જ કાર્યની સિદ્ધિ થાય છે. સોનું ગાળી, ઢાળ પાડી, ઝીણા તાર કરી નાના આંકડા બનાવે, ત્યારે જે કાર્ય થવાનું તે શબ્દમાં આવી જાય અર્થાત્ આ કંઠી થાય છે, એમ કાર્યની પ્રત્યક્ષતા થાય તે '**શબ્દ નય**'.

કાર્ય સમ્યક્ પ્રકારે અભિરૂઢ (પરિણતિ પામે) અર્થાત્ કાર્યની સંપૂર્ણતા પહેલા થોડુંક ઓપવા વિગેરે બાકી રહે ત્યારે 'સમભિરૂઢ નય' થાય અને કાર્ય સંપૂર્ણપણે આપી પૉલીશ થઈ કંઠી તૈયાર થાય ત્યારે એવંભૂત નય થાય. જેમ છે તેમ કાર્યની પૂર્ણતા તેને 'એવંભૂતનય' કહેવાય.

આ સાતે નયનું સ્વરૂપ દૃષ્ટાંત ઉપર ઘટાવીને હવે મૂળ રૂપમાં તેનો ખ્યાલ કરીએ.

આંતર સ્વરૂપ—૧. અનાદિકાળના સંસાર પરિભ્રમણ કરતાં અવ્યક્તપણે વા ઓઘદૃષ્ટિએ પણ સદ્‌ગુરુની ઉપાસના કરતો અને અકામનિર્જરા કરતો કરતો આત્મા જ્યારે ૭૦ કોડાકોડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગરોપમ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી એક કોડાકોડીમાં આવી યથાપ્રવૃત્તિકરણ સુધી પહોંચ્યા પછી, પૂર્વે અનેક ભવમાં અવ્યક્તપણે પણ સેવેલાં સદ્‌ગુરુની ઉપાસનાથી અંતરમાં જે જે સંસ્કારો પડયા હોય તે દૃઢિભૂત થઈને પરમાર્થમાર્ગ પામવાની સાચી–પ્રબળ ઈચ્છા–જિજ્ઞાસા થાય. સંસારના અનંત મોહવર્ધક સાધનોમાં શરીર, ધન, સ્ત્રી, કુટુંબ–એ ચાર સર્વોત્કૃષ્ટ મુખ્ય સાધનો છે. તેને મેળવવામાં, સાચવવામાં અને ભોગવવામાં જે પ્રીતિ છે, તેના કરતાં પ્રબળ પ્રીતિ પરમાર્થને પામવામાં થાય. આવી પરમાર્થ પામવાની સાચી અને પ્રબળ જિજ્ઞાસા થાય, તો સરળતા, સજ્જનતા પ્રમાણિકતા અને નિઃસ્વાર્થતાદિ ગુણો પ્રગટે. આવી નિર્મળ જિજ્ઞાસા અર્થાત્ પૂર્વસંસ્કારની પ્રબળ જાગૃતિ થવાથી પરમાર્થની તીવ્ર ઇચ્છા (મુમુક્ષુ દશા) તે ' નૈગમનય 'ની દૃષ્ટિ કહી શકાય.

૨. પરમાર્થમાર્ગ પામવાની તીવ્ર જિજ્ઞાસા થયા પછી કષાયની મંદતા થતાં પૌદ્‌ગલિક ભાવો તરફ ઉદાસીનતા થવાથી, અંતરાત્માની નિર્મળતા થતાં સદ્‌ગુરુની શોધ કરતાં અંતરદૃષ્ટિ જાગૃત થવાથી સત્પુરુષને અંતરદૃષ્ટિથી વાસ્તવિકપણે ઓળખીને, શ્રદ્ધાથી તેની ઉપાસના કરતાં ન્યાય, પ્રમાણિકતા, ઉદાસીનતા, સહિષ્ણુતા, સેવાભક્તિ, સરળતા, નિષ્પક્ષપાતવૃત્તિ, સતશાસ્ત્રવાંચન–વિચાર વિગેરે આત્મિક ગુણોનો સંગ્રહ કરતો જાય તે 'સંગ્રહ નય'ની દૃષ્ટિ કહી શકાય.

૩. મતાગ્રહથી મુક્ત થઈને સદ્‌ગુણપ્રેમી બની સદ્‌ગુરુની આજ્ઞાએ સત્ સાધનોદ્વારા સન્માર્ગની ઉપાસના

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

કરવાથી અંતરત્યાગ, અંતરવૈરાગ્ય, અડગ શ્રદ્ધા, અનન્ય ભક્તિ, અભિગ્રાહિક મિથ્યાત્વત્યાગ, કષાયની ઉપશાંતિ અને આત્માને સ્વાનુભવ કરવામાં પરમ સહાયક સુવિચારશ્રેણી વિગેરે સમ્યક્ત્વસ્થિતિને પ્રાપ્ત કરાવનાર આત્મિક ગુણોની પ્રાપ્તિ થાય તે '**વ્યવહાર નય**'ની દૃષ્ટિ કહી શકાય. આ **સદ્‌વ્યવહારથી જ સમ્યક્ત્વ**ની પ્રાપ્તિ થાય છે.

૪. ઉપરોક્ત સદ્‌વ્યવહારથી અનંતાનુબંધી કષાય તથા ત્રણ મોહનીય-એ સાત પ્રકૃતિઓનો ક્ષય વા ક્ષયોપશમ કરી આત્માની વિશુદ્ધિ થવાથી સ્વસ્વરૂપની પ્રાપ્તિ થાય, આત્મદર્શનની ઝાંખી થાય અર્થાત્ આત્માને આત્માનો અનુભવ થાય, તે શુદ્ધ **સમકિત** વા '**ઋજુસૂત્ર**' નયની દૃષ્ટિ કહી શકાય.

૫. આત્માની વિશુદ્ધિ થવાથી ઉત્તરોત્તર આત્મશ્રેણીએ ચડતાં, ઘાતિકર્મનો ક્ષય કરવાની અતિ વિશુદ્ધ દશારૂપ ક્ષપકશ્રેણીએ ચડતાં, કેવલજ્ઞાનસ્વરૂપની પ્રાપ્તિ શબ્દગમ્ય થવાથી, તે '**શબ્દ નય**'ની દૃષ્ટિ કહી શકાય.

૬. ઘાતિકર્મને ક્ષય કરવાની અંતિમ શક્તિ બારમા ગુણસ્થાને થાય, તે '**સમભિરૂઢ નય**'ની દૃષ્ટિ કહી શકાય.

૭. અને જેમ છે તેમ આત્માની પૂર્ણ નિવારણ દશા, તે '**એવંભૂત નય**'ની દૃષ્ટિ.

ટૂકામાં અંતરંગ કાર્યરૂચિ તે નૈગમ, તત્કારણ સંગ્રહ-સમ્યક્ગ્રહણ તે સંગ્રહ, તેનો સમ્યગ્ વ્યવહારપ્રયોગ તે વ્યવહાર-આમ સત્કારણોનો સમ્યગ્વ્યવહાર કરતાં કાર્ય થવાની સન્મુખતા-હાજરપણું થાય તે ઋજુસૂત્ર, કાર્યનો અંશ પ્રગટ થાય તે શબ્દ, કે જેથી કાર્ય થવા માંડયું;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ યથાર્થ અર્થમાં શબ્દપ્રયોગ કરી શકાય. કાર્યના ઉત્તરોત્તર અધિકાધિક અંશ પ્રગટ થતાં થતાં યાવત્ પૂર્ણ કાર્યમાં એક અંશ ન્યૂનતા-ઊણાપણું રહે ત્યાં સુધી સમભિરૂઢ અને સંપૂર્ણ કાર્યનું પ્રગટપણું તે એવંભૂત.

આ સાત નયોમાંથી ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત—એ ચાર નયો અનુક્રમે થોડા અંશ વ્યક્ત, બહુ અંશ વ્યક્ત, બહુતર અંશ વ્યક્ત અને સર્વ અંશ વ્યક્તને માનનારા ભાવ નય કહેવાય છે. બાકીના ત્રણ નય વ્યક્ત સ્વભાવે નથી જેને દ્રવ્ય નય કહેવાય છે. કેટલાકો ઋજુસૂત્રને દ્રવ્યમાં ગણે છે, પરંતુ તે અપેક્ષાકૃત હોઈ વિરોધને સ્થાન નથી. દુઃષમકાળમાં દિવાકર, સમાન પ્રખર, તાર્કિક શ્રી **સિદ્ધસેન દિવાકરજી** ઋજુસૂત્રને ભાવનયમાં ગણે છે. નયનું સ્વરૂપ અનેક દૃષ્ટિએ વિચારી શકાય છે. એકબીજાનો વિરોધ શમાવવામાં પણ આનો જ ઉપયોગ થઈ શકે છે. તે વિષે જિનાગમમાં ઘણું કથન છે. શ્રી જિનભગવાને નય-સ્યાદ્વાદનું સ્વરૂપ એટલા જ માટે—રાગદ્વેષના ઉપશમ માટે જ ઉપદેશ્યું છે.

વાચક સજ્જનો હંસચંચુ ન્યાયે આમાંથી સાર-પરમાર્થને ગ્રહણ કરશે. આ શાસ્ત્રપદ્ધતિએ નયનું સ્વરૂપ નથી, શાસ્ત્રમાં પરકૃત આશય-અપેક્ષા સમજવા માટે જે માપ ભરવાની પાલી આદિનું દૃષ્ટાંત આપેલું છે તથાપ્રકારે આ નથી, કિન્તુ આત્મશ્રદ્ધાનું અનુમાપન સમજવા દૃષ્ટાંતરૂપે આ નયઘટના છે: અને એ રીતે મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજીએ શ્રી ચંદ્રપ્રભ જિનસ્તવનમાં પ્રભુની ઉત્સર્ગ-અપવાદ સેવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયઘટના કરી બતાવી છે. તેને અનુસરી એક વિદ્વાન્ સદ્-ગૃહસ્થ તરફથી નોંધ જાણવા મળેલ, તેમાં યથામતિ પ્રાસંગિક અને બીજું છૂટક ઉમેરી સદર લેખ તૈયાર કરવામાં આવ્યો છે. આ લેખમાં વિરોધને લેશ પણ સ્થાન હોય તેમ માનતો નથી, કિન્તુ આત્માર્થ–પરમાર્થ સમજવાને પ્રેરકરૂપ એક રસપ્રદ વસ્તુ છે તેમ વિચારક ગવેષકોને જણાઈ આવશે.

આત્મવિચાર કર્ત્તવ્યરૂપ ધર્મ

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી અને ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી–એમ સર્વ જ્ઞાનીપુરૂષોએ ભાખ્યું છે; માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરૂવચનના શ્રવણનું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય તેણે એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી; માટે જીવે સર્વ પ્રકારના મતમતાંતરોનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો અને ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org